# આઈઆઈટીયન્સ દ્વારા શરૂ કરાયો 'ઈન્ડિયા કી ખોજ' કાર્યક્રમ

## સ્ટુડન્ટસ વૈવિધ્ય, કલ્ચર અને હેરિટેજ વિશે જાણશે

**India Ki Khoj**

સિટી રિપોર્ટર | અમદાવાદ

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી દ્વારા દર વર્ષે ભારતનું કલ્ચર, ધર્મ અને અન્ય વૈવિધ્યતા વિશે સ્ટુડન્ટસને જણાવ વા માટે 'ઈન્ડિયા કી ખોજ' પ્રોગ્રામ ચલાવામાં આવે છે. ગઈકાલે આઈઆઈટી ગાંધીનગર ખાતે 'ઈન્ડિયા કી ખોજ' પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં આઈઆઈટી ગાંધીનગર સહિત આ વખતે કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના 6 સ્ટુડન્ટસ અને જાપાન એડવાન્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના 7 વિદ્યાર્થીઓ જોડાયા છે. જેમાં સિટી હેરિટેજ વિશે જાણકારી અપાશે

### હેરિટેજ સિટી અમદાવાદ મુખ્ય આકર્ષણ



અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટીનો સન્માન મળ્યું છે ત્યારે અમદાવાદના સ્થાપત્યથી લઈને હાલ સુધી અડિખમ ઉભેલા અમદાવાદના ભવ્ય ઐતિહાસિક વારસા વિશે જાણશે. સ્ટુડન્ટસ અમદાવાદના કલ્ચરને જાણીને તેને એક્સપ્લોર કરશે. જેમાં સ્ટુડન્ટસને અમદાવાદનો પરિચય ઈતિહાસકારો અને પ્રોફેસરો કરાવશે.

**Title:** IITians started India Ki Khoj program
**Source**: Divya Bhaskar( Gandhinagar Bhaskar Pg.2 )
**Date:**12/12/2017